सत्यमेव जयते

## –//ફોર્મ–એ//–

| | |
|---|---|
| **મહેસાણાના બીજા અધિક સેસન્સ જજ અને સ્પે.જજ(પોક્સો) સાહેબશ્રીની અદાલત, મુ.મહેસાણા.** | |
| | ફેસલ તારીખઃ૧૨/૦૩/૨૦૨૬<br>**સ્પે.પોક્સો કેસ નંબર.૦૫/૨૦૨૬**<br>એફ.આઇ.આર.નં.૧૧૨૦૬૦૭૬૨૫૦૩૦૯/૨૦૨૫<br>પોલીસ સ્ટેશનઃ વસઈ<br>**આંક–૭૨** |
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદ પક્ષ તરફે | વિ. સરકારી વકીલશ્રી પી. કે. દવે |
| આરોપી | હિતુજી ઉર્ફે રાણાજી સોમાજી બાવાજી ઠાકોર<br>ઉ.વ.૨૩,<br>હાલ રહે.ડાભલા સીમમાં હિંમતજી ગલાબજી દરબારના ખેતરમાં, તા.વિજાપુર, જી.મહેસાણા.<br>મુળ રહે.કનિજ, તા.સમી, જી.પાટણ. |
| આરોપી તરફે | આરોપી તર્ફે વિ.વ.શ્રી બી.આર.સુખડીયા. |

## –//ફોર્મ–બી//–

| | |
|---|---|
| બનાવની તારીખ | ૨૨/૧૧/૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૭/૧૧/૨૦૨૫ |
| ચાર્જશીટ કર્યા તારીખ | ૧૭/૦૧/૨૦૨૬ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ (આંક–૦૬) | ૦૩/૦૨/૨૦૨૬ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૧૧/૦૨/૨૦૨૬ |
| જજમેન્ટ પર મુક્યા તારીખ | ૦૬/૦૩/૨૦૨૬ |

| | |
|---|---|
| જજમેન્ટ આપ્યા તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| સજાનો હુકમ | – |
| સમય ગાળો. | વર્ષ–૦૦ માસ–૦૧ દિવસ–૨૩ |

## –// **આરોપીની વિગત** //–

| **ક્રમ.** | હિતુજી ઉર્ફે રાણાજી સોમાજી બાવાજી ઠાકોર | |
|---|---|---|
| ૦૧ | આરોપીનું નામ/ સરનામુ | હિતુજી ઉર્ફે રાણાજી સોમાજી બાવાજી ઠાકોર<br>ઉ.વ.૨૩,<br>હાલ રહે.ડાભલા સીમમાં હિંમતજી ગલાબજી દરબારના ખેતરમાં, તા. વિજાપુર, જી.મહેસાણા.<br>મુળ રહે.કનિજ, તા.સમી, જી.પાટણ. |
| ૦૨ | અટક કર્યા તારીખ | ૨૮/૧૧/૨૦૨૫ |
| ૦૩ | જામીન ઉપર મુકત થયા તારીખ | આરોપી જેલમાં છે. |
| ૦૪ | ગુનાની કલમ | બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા પોકસો એકટ ૨૦૧૨ ની ક.૪, ૫, ૬, ૮, ૧૨ મુજબ. |
| ૦૫ | છુટી ગયો કે સજા થઇ | નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે. |
| ૦૬ | ફરમાવેલ સજા | – |
| ૦૭ | ક્રિ.પ્રો.કો.ની ક.૪૨૮ | – |

## –//**ફોર્મ–સી**//–

**એ. ફરીયાદ પક્ષ તરફેના સાહેદનું લીસ્ટઃ–**

| **અ.નં.** | **આંક** | **નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૦૧ | ૦૮ | ભોગબનનારની સોગંદ ઉપરની જુબાની | ભોગબનનાર |
| ૦૨ | ૧૧ | દંતાણી ઈશ્વરભાઈ બબાભાઈની સોગંદ | ફરીયાદી |

| | | | |
|---|---|---|---|
| | | ઉપરની જુબાની | |
| ૦૩ | ૧૫ | દંતાણી કેશીબેન ઈશ્વરભાઈ બબાભાઈની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| ૦૪ | ૧૬ | ડો.કાજલ ભરતભાઈ ભાંડવાની સોગંદ ઉપરની જુબાની | ડોક્ટર |
| ૦૫ | ૨૪ | ડોનીકા પ્રવિણભાઈ પટેલની સોગંદ ઉપરની જુબાની | પંચ |
| ૦૬ | ૩૨ | ડો.મનન દિપકભાઈ પરીખની સોગંદ ઉપરની જુબાની | ડોક્ટર |
| ૦૭ | ૩૭ | જાગૃતિબેન બાબુભાઈ ચૌધરીની સોગંદ ઉપરની જુબાની | સાહેદ |
| ૦૮ | ૪૪ | તેજસકુમાર જયરામભાઈ દેસાઈની સોગંદ ઉપરની જુબાની | પી.આઈ. |

**બી. બચાવ પક્ષ તરફેના સાહેદનું લીસ્ટઃ–**

| અ.નં. | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| ૦૧ | | – | – |

**એ. ફરીયાદ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃ–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯ | ભોગબનનારનું અસલ નિવેદન |
| ૨. | ૧૦ | આધારકાર્ડની ઝેરોક્ષ નકલ |
| ૩. | ૧૨ | અસલ ફરીયાદ |
| ૪. | ૧૩ | વચપત્રકનો ઉતારો |
| ૫. | ૧૪ | ભોગબનનારના આધારકાર્ડની ઝેરોક્ષ નકલ |
| ૬. | ૧૭ | ભોગબનનારનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૭. | ૧૮ | ભોગબનનારના અસલ કેસ પેપર્સ |
| ૮. | ૧૯ | ભોગબનનારના શરીર ઉપરથી લીધેલ સેમ્પલ સારુ ભરેલ એફ.એસ.એલ. ફોર્મ |

| | | |
|---|---|---|
| ૯. | ૨૦ | ટ્રાન્સફર ચીટની સ્થળપ્રત |
| ૧૦. | ૨૧ | આરોપીનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૧૧. | ૨૨ | આરોપીના અસલ કેસ પેપર્સ |
| ૧૨. | ૨૩ | આરોપીના શરીર ઉપરથી લીધેલ સેમ્પલ સારુ ભરેલ એફ.એસ.એલ. ફોર્મ |
| ૧૩. | ૨૫ | આરોપીના કપડાં કબજે કર્યાનું અસલ પંચનામું |
| ૧૪. | ૨૬ | મુદ્દામાલ પંચ સ્લીપ |
| ૧૫. | ૨૭ | મુદ્દામાલ પંચ સ્લીપ |
| ૧૬. | ૨૮ | ભોગબનનારના કપડાં કબજે કર્યાનું અસલ પંચનામું |
| ૧૭. | ૨૯ | મુદ્દામાલ પંચ સ્લીપ |
| ૧૮. | ૩૦ | મુદ્દામાલ પંચ સ્લીપ |
| ૧૯. | ૩૧ | ગુનાબનાવવાળી જગ્યાનું અસલ પંચનામું |
| ૨૦. | ૩૩ | ભોગબનનારનું અસલ મેડીકલ સર્ટીફીકેટ |
| ૨૧. | ૩૪ | ભોગબનનારની મેડીકલ તપાસણી સારુ આપેલ રીફર ચીટ |
| ૨૨. | ૩૫ | ભોગબનનારના અસલ કેસ પેપર્સ |
| ૨૩. | ૩૬ | એફ.એસ.એલ.માં મોકલવા સારુ ભરેલ ટુ.બી.ફોર્મ |
| ૨૪. | ૩૮ | ભોગબનનારના શાળાના જનરલ રજીસ્ટરની ખરી નકલ |
| ૨૫. | ૩૯ | ભોગબનનારને શાળામાં દાખલ કરવાનું નમુના ફોર્મ તથા જન્મનો દાખલો |
| ૨૬. | ૪૦ | ડાભલા ગ્રામ પંચાયતનો દાખલો |
| ૨૭. | ૪૫ | ગુનાની તપાસ સંભાળી લેવા કરેલ રીપોર્ટ |
| ૨૮. | ૪૬ | સુચિપત્રક |
| ૨૯. | ૪૭ | આર.સી.બુકની નકલ |
| ૩૦. | ૪૮ | ભોગબનનારના જન્મનો દાખલો ખરાઈ કરવા બાબતેનો રીપોર્ટ |
| ૩૧. | ૪૯ | ભોગબનનારની મેડીકલ ચકાસણી કરી સર્ટી. આપવા કરેલ રીપોર્ટ |

| | | |
|---|---|---|
| ૩૨. | ૫૦ | ભોગબનનારની મેડીકલ ચકાસણી કરી સર્ટી. આપવા કરેલ રીપોર્ટ |
| ૩૩. | ૫૧ | ભોગબનનારની મેડીકલ ચકાસણી કરી સર્ટી. આપવા કરેલ રીપોર્ટ |
| ૩૪. | ૫૨ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલવા સારુ ભરેલ રવાનગી પત્રક |
| ૩૫. | ૫૩ | મુદ્દામાલ એફ.એસ.એલ.માં મોકલેલ તે બદલની પહોંચ |
| ૩૬. | ૫૪ | બી.એન.એસ.એસ.ની ક.૧૮૩ મુજબ નિવેદન લેવા સારુ કરેલ રીપોર્ટ |
| ૩૭. | ૫૫ | ઈભારતીય સાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૩૮. | ૫૬ | મોબાઈલની કોલ ડીટેઈલ મેળવવા સારુ ભરેલ સી.ડી.આર.ની માહિતી |
| ૩૯. | ૫૭ | આરોપીને અટક કર્યા અંગે સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા સારુ રીપોર્ટ |
| ૪૦. | ૫૮ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૪૧. | ૫૯ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૪૨. | ૬૦ | ઈ–સાક્ષ્ય પ્રમાણપત્ર |
| ૪૩. | ૬૧ | સરકારી પંચો ફાળવવા સારુ કરેલ રીપોર્ટ |
| ૪૪. | ૬૨ | મોબાઈલ કાર્ડની માહિતી મેળવવા સારુ ભરેલ સી.એ.એફ. ફોર્મ |
| ૪૫. | ૬૩ | ભોગબનનારની જન્મ તારીખની ખરાઈ કરી દાખલો આપવા સારુ કરેલ રીપોર્ટ |
| ૪૬. | ૬૪ | ભોગબનનારની જન્મ તારીખની નોંધ બાબતે કરેલ રીપોર્ટ |
| ૪૭. | ૬૫ | ભોગબનનારની જન્મ તારીખની ખરાઈ કરી દાખલો આપવા સારુ કરેલ રીપોર્ટ |
| ૪૮. | ૬૬ | ભોગબનનારની જન્મ તારીખની નોંધ બાબતે કરેલ રીપોર્ટ |

| | | |
|---|---|---|
| ૪૯. | ૬૭ | મોબાઈલ નંબરની માહિતી મેળવવા સારુ ભરેલ સી.એ.એફ. ફોર્મ |
| ૫૦. | ૬૮ | એફ.એસ.એલ. અમદાવાદનો ફોરવર્ડીંગ લેટર |
| ૫૧. | ૬૯ | એફ.એસ.એલ. અમદાવાદનો પૃથ્થકરણ રીપોર્ટ |
| ૫૨. | ૭૧ | કલોજીંગ પુરશીશ |

**બી. બચાવ પક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાનું લિસ્ટઃ–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| | | – |

**વિષયઃ–** બી.એન.એસ.ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા પોકસો એકટ ૨૦૧૨ ની ક.૪, ૫, ૬, ૮, ૧૨ મુજબ.

---------------------------

**–/ જજમેન્ટ /–**

(૧) ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરીયાદી ફરીયાદમાં જણાવેલ સરનામે પોતાના પરીવાર સાથે રહે છે અને તેઓની ભોગબનનાર દીકરી ઉંમર ૧૭ વર્ષ ૫ મહિના અને ૨૬ દિવસની કે જેની જન્મ તારીખ તા.૦૧/૦૬/૨૦૦૮ ની છે અને ભોગબનનારે ધોરણ–૮ સુધી ડાભલા ગામે આવેલ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરેલ છે. તા.૨૨/૧૧/૨૦૨૫ ના રોજ સવારના આશરે આઠેક વાગ્યાના સુમારે ફરીયાદી તથા તેની પત્ની તથા બાળકો મજૂરી માટે ડાભલા ચાર રસ્તા નજીક આવેલ ખેતરમાં ગયેલા અને સાંજના પાંચ વાગ્યાના સુમારે ભોગબનનારે કહેલ કે ઘરે જઈને કામકાજ કરૂ છું તેમ કહી ડાભલા ખાતે ઘરે જવા માટે નીકળેલા અને છ વાગ્યાના સુમારે ફરીયાદી તથા તેની પત્ની ઘરે પરત આવતા આ ભોગબનનાર ઘરે જોવા મળેલા નહીં અને ઘર બંધ હતું. જેથી ભોગબનનારની તપાસ કરેલી પરંતુ તે મળી આવેલી નહીં તે દરમ્યાન ફરીયાદીનો દીકરો વિજય રસ્તામાં મળેલો અને તેણે

જણાવેલ કે, ભોગબનનારને દેવીપુરા પાટીયા પાસે ગામના રાણાજી ઠાકોરની રીક્ષામાં બેસી જતા જોયેલ. જેથી આ બાબતે પોતાના જમાઈ રાહુલ સાથે વાતચીત કરી તેઓને બોલાવી અને છકડો રીક્ષા લઈ જઈને ભોગબનનારની શોધખોળ કરેલી અને ત્યારબાદ રાણાજીના ઘરે જઈને તપાસ કરતા રાણાજી ઠાકોર ઘરે હાજર હતા અને ભોગબનનાર વિશે તેઓને પૂછતા તેઓએ કોઈ સંતોષકારક જવાબ આપેલો નહીં અને તે દરમ્યાન આ રાણાજી ઠાકોરનું સાચું નામ હિતુજી ઉર્ફે રાણાજી સોમાજી ઠાકોર હોવાનું જાણવા મળેલ અને ભોગબનનાર ભાભર ખાતે છે તેવી ખબર પડતા પોલીસને જાણ કરેલી અને પોલીસે ભાભર ખાતે તપાસ કરાવી ભોગબનનારને શોધી લાવેલ અને ત્યારબાદ આપ ભોગબનનારને પૂછતા રાણાજી ઠાકોર સાથે પ્રેમ સંબંધ હોય તા.૨૨/૧૧/૨૦૨૫ ના રોજ સાંજના આશરે પાંચેક વાગ્યાના સુમારે આ રાણાજી ઠાકોર દેવીપુરા પાટીયા નજીકથી ભોગબનનારને તેઓની મરજી વિરૂધ્ધ રીક્ષામાં બેસાડી નારદીપુર, તા.કલોલ ખાતે તેઓના બહેનના ઘરે લઈ ગયેલા અને ત્યાં મૂકીને તેઓ ડાભલા મુકામે જવા નીકળી ગયેલા અને બીજા દિવસે સવારે રીક્ષા લઈને આવેલા અને રીક્ષામાં બેસાડી બેડા, તા.ભાભર, જી.બનાસકાંઠા ખાતે તેઓની બહેન ગીતાબેનના ઘરે લઈ ગયેલા અને ત્યાં રાત્રિના ભોગબનનારની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ (સંભોગ) બાંધેલો અને સવારે રીક્ષા લઈ ફરીથી ડાભલા જવા નીકળી ગયેલા. ફરીયાદીએ આ બાબતની વિગતવારની ફરીયાદ વસઈ પોલીસ સ્ટેશનમાં તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ ગુજારેલી છે.

(૨) ફરીયાદીની ફરીયાદ આધારે વસઈ પોલીસે વસઈ પોલીસ સ્ટેશન ગુના રજી.નં.૧૧૨૦૬૦૭૬૨૫૦૩૦૯/૨૦૨૫ થી બી.એન.એસ. ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા પોક્સો એક્ટની ક.૪, ૫, ૬, ૮, ૧૨ મુજબનો ગુનો દાખલ કરેલો છે. ત્યારબાદ પોલીસની તપાસમાં આરોપી મળી આવતા તેઓની ધરપકડ કરવામાં આવેલ અને

નિયત સમયમર્યાદામાં આરોપીને કોર્ટમાં રજૂ કરતા જ્યુડિશિયલ કસ્ટડીમાં લેવામાં આવે ત્યારબાદ પોલીસની તપાસ પૂરી થતા પોલીસે બી.એન.એસ.એસ.ની ક.૧૯૩ મુજબ આરોપી વિરૂધ્ધ બી.એન.એસ. ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા પોક્સો એક્ટની ક.૪,૫,૬,૮, ૧૨ મુજબના ગુનાના આક્ષેપો કરતું ચાર્જશીટ સ્પે.પોક્સો કોર્ટમાં તા.૧૭/૦૧/૨૦૨૬ ના રોજ રજૂ કરેલું અને તેને પોક્સો કેસ રજીસ્ટરે સ્પે. પોક્સો કેસ નં.૦૫/૨૦૨૬ થી રજીસ્ટરે લેવામાં આવેલ છે.

(૩) આ કામે આરોપી જ્યુડિશિયલ કસ્ટડીમાં હોય આરોપીને જેલમાંથી હાજર રખાવવામાં આવેલ ત્યારબાદ આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી અને આરોપીએ પોતાના બચાવવા માટે ખાનગી વકીલને રોકેલા. ત્યારબાદ આંક-૬ થી બી.એન.એસ. ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા પોક્સો એક્ટ ની ક.૪, ૫, ૬, ૮, ૧૨ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી આરોપીની પ્લી નોંધતા આરોપીએ પોતે ગુનો કરેલાનો ઈન્કાર કરેલ છે તેથી ટ્રાયલ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષ તરફથી પોતાના કેસની હકીકત સાબિત કરવા માટે ઉપર ટેબલમાં જણાવ્યા મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

આ સિવાય બીજો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો ફરીયાદપક્ષ તરફથી આ ફરીયાદના કામે રજૂ કરવામાં આવેલ નથી.

(૫) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પૂરો થયા બાદ ફરીયાદપક્ષના પુરાવામાં આરોપી વિરૂધ્ધ જેવી વિગતો રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે તેનો ખુલાસો કરવા માટે બી.એન.એસ.એસ. ની ક.૩૫૧ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ પોતાના વિરૂધ્ધની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને પોતે નિર્દોષ છે અને ખોટો

કેસ કરવામાં આવેલો છે તે રીતની વિગત રજૂ કરેલી છે.

(૬) આ કામે ફરીયાદપક્ષ તરફે વિ.સ.વકીલશ્રીની લંબાણપૂર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં ભોગબનનાર સગીર વયના છે તે રીતની વિગત પુરાવામાં રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે અને ભોગબનનારની જન્મ તારીખ સાબિત કરવામાં આવેલી છે. જેથી ફરીયાદ દાખલ કરવામાં આવી તે દિવસે ભોગબનનાર સગીર વયના હતા તે રીતની વિગત પુરાવામાં સાબિત થયેલી છે જેથી પોક્સો એક્ટની જોગવાઈ લાગુ પડે છે. વધુમાં આ કામે ભોગબનનારને દવાખાનામાં ચેક–અપ માટે લઈ જવામાં આવેલા છે તે રીતની વિગતને ભોગબનનારે સમર્થન આપેલ છે તેમજ જજ સાહેબ સમક્ષ નિવેદન લખાવવા માટે લઈ જવામાં આવેલી તે રીતની વિગત પણ પુરાવામાં સાબિત થયેલી છે. વધુમાં ભોગબનનાર ફરી ગયેલા જાહેર થયેલા છે પરંતુ ભોગબનનાર ફરીયાદમાં જે સમય દર્શાવવામાં આવેલો તે સમયગાળા દરમ્યાન પોતાના ઘરે હાજર ન હતા તે બાબતને સમર્થન આપેલ છે. આ સિવાય ભોગબનનારના માતા અને પિતા બંને ફરી ગયેલા જાહેર થયેલા છે પરંતુ ભોગબનનાર સગીર હોવાની વિગતને તેઓ સમર્થન આપે છે તેમજ ડોક્ટરની જુબાનીમાં ભોગબનનારની શારીરિક તપાસણી કરવામાં આવેલી જેમાં ભોગબનનારે ડોક્ટરને હિસ્ટ્રી આપેલી અને આરોપી સાથે શરીર સંબંધ બાંધવામાં આવેલ તે રીતની વિગત ડોક્ટરની જુબાનીમાં રેકોર્ડ ઉપર લાવવામાં આવેલી છે. આ સિવાય આરોપીએ શારીરિક તપાસણી દરમ્યાન આરોપીએ હિસ્ટ્રીમાં ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલો છે તે રીતની વિગત પણ રેકર્ડ ઉપર લાવવામાં આવેલી છે. ડોનીકા પ્રવિણભાઈ પટેલનાએ પંચનામાની વિગતને સમર્થન આપેલ છે જેથી પંચનામુ તેની વિગતે સાબિત થયેલું છે. આ સિવાય ડો.મનન દીપકભાઈ પરીખનાઓએ ભોગબનનારની ગાયનેક તપાસ કરેલી છે અને તેમાં હિસ્ટ્રીમાં આરોપી ભોગબનનારને લઈ ગયેલા અને

ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલો છે તે રીતની વિગતને આ ડોક્ટરે સમર્થન આપેલી છે તેમજ તપાસ કરનાર અમલદારે ગુનાની તપાસ કરેલી છે અને તેમાં આ બનાવ બનેલો છે અને આરોપીએ ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલો છે તે રીતની વિગત તેઓને તપાસમાં માલુમ પડેલી છે. જેથી આ તમામ બાબતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ દ્વારા પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ શંકારહિત સાબિત કરવામાં આવેલો હોવાથી આરોપીને તકસીરવાન ઠરાવી સખતમાં સખત સજા કરવા દલીલ કરેલી છે.

(૭) આ કામે આરોપી તરફે વિ.વ.શ્રીની લંબાણપૂર્વકની મૌખિક દલીલો સાંભળી. તેઓની દલીલનો ટૂંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, આ કિસ્સામાં ભોગબનનાર ફરી ગયેલા જાહેર થયેલા છે તેમજ ભોગબનનારના માતા–પિતા પણ ફરી ગયેલા જાહેર થયેલા છે અને કોઈએ પણ બનાવની વિગતને સીધું કે સાંયોગિક સમર્થન આપેલું નથી તેમજ ભોગબનનારે હાલના આરોપીને ઓળખી બતાવેલા નથી. વધુમાં હાલના આરોપીએ ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલો હોય તે બાબતનો ભોગબનનારે સ્પષ્ટ ઈન્કાર કરેલ છે. વધુમાં આ ભોગબનનારે ડોક્ટરને કોઈ હિસ્ટ્રી આપેલી નથી તેવું કબુલ કરેલ છે તેમજ જજ સાહેબ સમક્ષના નિવેદનની વિગત તેઓને શીખવાડવામાં આવેલી તે મુજબ લખાવેલી છે. જેથી ડોક્ટર સમક્ષની હિસ્ટ્રીનું પુરાવામાં કોઈ મહત્વ રહેતું નથી. આવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ હોવાથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા દલીલ કરેલી છે.

(૮) આ કામે હાલના કેસના નિર્ણય માટે કેસનું તમામ રેકર્ડ ગંભીરતાથી વંચાણે લીધું.

(૯) ઉપરોક્ત હકીકતે હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના

મુદ્દા ઉપસ્થિત થાય છે.

**મુદ્દાઃ-**

૧. શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, બનાવ સમયે હાલના આરોપીએ સગીર ભોગબનનારને તેના કાયદેસરના વાલીની પરવાનગી સિવાય, કાયદેસરના વાલીની કસ્ટડીમાંથી, ગેરકાયદેસર રીતે પોતાની સાથે સગીરને લઈ જઈ, સગીરને પોતાની સાથે રાખી, સગીરની સાથે તેઓની મરજી વિરૂધ્ધ બળજબરી કરી, શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી, જાતીય સતામણી કરી ગુનો કરેલો છે?

૨. શું હુકમ ?

(૧૦) ઉપરોક્ત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદ્દા નં.૧: નકારમાં

૨. મુદ્દા નં.૨: આખરી હુકમ મુજબ

ઉપરોકત નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

**-// કા ર ણો //-**

**મુદ્દા નં.૧:-**

(૧૧) આ કામે ભોગબનનારને આંક-૮ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક-૯ થી બી.એન.એસ.એસ. ની ક.૧૮૩ મુજબનું નિવેદન રજૂ થયેલું છે તેમજ આંક-૧૦ થી આધારકાર્ડની નકલ રજૂ થયેલી છે. સદરહુ ભોગબનનારને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ.સરકારી વકીલશ્રીને ઉલટતપાસમાં પૂછી શકાય તે રીતના પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતની કોઈ વિગત વિ.સરકારી વકીલશ્રી દ્વારા પુરાવામાં રેકર્ડ ઉપર જુબાની દરમ્યાન લાવવામાં આવેલી નથી.

આવા સંજોગોમાં સદરહુ ભોગબનનારની સરતપાસની વિગત

ધ્યાને લેવામાં આવે તો ભોગબનનારે પોતાની સરતપાસમાં મહત્વની એવી હકીકત લખાવેલી છે કે,

"(૧) મે ધોરણ–૮ સુધી અભ્યાસ કરેલ છે. મને મારી જન્મ તારીખ હાલ યાદ નથી. હાલમાં મને ૧૯ મું વર્ષ ચાલે છે. હું તથા મારા કાકાનો દિકરો ભાઈ અને તે છોકરો અને તેની પત્નિ તે રીતના ચાર જણા રીક્ષામાં વિજાપુર તા.૨૨/૧૧/૨૦૨૫ ના રોજ ગયેલા. હું વિજાપુરથી પરત ડાભલા ગામે મારા ઘરે આવી ગયેલી. મારા ભાઈ વિજયને શક પડેલો અને તેણે મારી સાથે ઝઘડો કરેલો જેથી હું ઘરેથી નીકળી ગયેલી. હું ઘરેથી નીકળીને મારી માસીના ઘરે એકલી જતી રહેલી. મારે કોઈ છોકરા સાથે મળવાનું થયેલુ નથી.

(૨) હું શાકભાજી વેચવા માટે જતી હતી ત્યારે ત્યા આ હિતુજી ઉર્ફે રાણાજી સોમાજી ઠાકોર શાકભાજી લેવા માટે આવતો હતો તેથી ઓળખુ છું. મારે મારી માસીના ઘરે ગયા બાદ હિતુજીને મળવાનું થયેલુ નથી.

(૩) હું આ હિતુજી સાથે રીક્ષામાં બેસીને નારદિપુર મુકામે તેની બહેન રમીલાબેનના ઘરે ગયેલી હોય અને અમે ત્યા રોકાયેલા હોય અને ત્યા આ સમયગાળા દરમ્યાન આ હિતુજીએ મારી સાથે શરીર સબંધ બાંધેલો હોય તેવુ બનેલુ નથી.

(૪) હું મારી માસીના ઘરે પાંચ છ દિવસ જેવુ રોકાયેલી અને ત્યાથી પરત મારા ઘરે એકલી આવી ગયેલી. પોલીસને વિગત મારા ઘરનાઓએ મને શીખવાડેલ તે મુજબ લખાવેલ હતી.

(૫) મે ડોકટરને કોઈ વિગત લખાવેલી નથી. મને ડોકટર પાસે ચેકઅપ માટે લઈ ગયેલા.

(૬) મને જજ સાહેબ પાસે નિવેદન લખાવવા માટે લઈ ગયેલા હતા. મે જજ સાહેબને વિગતો નિવેદનમાં લખાવેલી હતી.

(૭) આ કામે વિ.સરકારી વકીલશ્રીની વિનંતીથી ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની ક.૧૮૩ મુજબનું અસલ નીવેદન બતાવવા માટે વિનંતી કરવામાં આવે છે જેથી કેસના રેકર્ડમાંથી ફોજદારી જા.નં.૨૭/૨૦૨૫ વાળુ બંધ કવર કોર્ટ રૂબરૂ ખોલતા તેમાથી એક ભોગબનનારનું અસલ નીવેદન તથા આધારકાર્ડની ઝેરોક્ષ નકલ નીકળેલ છે. તે અસલ નીવેદન તથા આધારકાર્ડની ઝેરોક્ષ નકલ ભોગબનનારને બતાવામાં આવે છે તે જોઈને કહુ છુ કે, આ નીવેદન ઉપરની સહીઓ મારી છે . આ નીવેદન મે લખાવેલુ તે છે. જેથી વિ.સરકારી વકીલશ્રી સદરહું નીવેદન ને આંકે પાડવા વિનંતી કરે છે તેથી સદરહું બી.એન.એસ.એસની ક.૧૮૩ મુજબના અસલ નીવેદનને રજુ દાખલ આંક–૯ આપવામાં આવે છે. તથા આધારકાર્ડની ઝેરોક્ષ નકલને રજુ દાખલ આંક–૧૦ આપવામાં આવે છે.

આ તબકકે આરોપી તરફે ના વિ.વકીલશ્રીની રજુઆત અને વિ.સરકારી વકીલશ્રીની રજુઆત ધ્યાને લઈને સદરહું નીવેદનની એક-એક ઝેરોક્ષ નકલ બંને વકીલશ્રીને આપવાનો હુકમ કરવામાં આવે છે.
(૮) મે પોલીસને કોઈ ગુન્હાબનાવવાળી જગ્યા બતાવેલી નથી."

આમ, ભોગબનનાર તા.૨૨/૧૧/૨૦૨૨ ના રોજ પોતાના ઘરેથી પોતાના કાકાના દીકરા સંબંધે ભાઈ અને તેની પત્ની સાથે રીક્ષામાં બેસીને વિજાપુર ગયેલા અને વિજાપુરથી પરત ડાભલા મુકામે આવી ગયેલા હતા. વધુમાં **આ ભોગબનનાર શાકભાજી વેચવા માટે બેસતી હતી અને તેથી તેને ઓળખે છે પરંતુ આ આરોપી હિતુજી ઉર્ફે રાણાજી સોમાજી ઠાકોરનાઓ ભોગબનનારને કોઈ જગ્યાએ લઈ ગયેલા નથી અને તેની સાથે શરીર સંબંધ બાંધેલો નથી તે રીતની સ્પષ્ટ વિગત જણાવેલી છે**. વધુમાં આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ભોગબનનારની ઉલટતપાસ કરવામાં આવેલી છે જેની વિગત પણ અત્રે નોંધવી ખૂબ જ જરૂરી છે અને તે એવી છે કે,

"(૧૪) એ વાત ખરી છે કે, હું ધોરણ-૧ થી ૮ સુધી શાળામાં ભણી તે વખતે મારી સાથે ભણતી છોકરીઓ મારાથી નાની હતી. એ વાત ખરી છે કે, તા.૨૨/૧૧/૨૦૨૫ ના રોજ હું તથા મારા કાકાનો દિકરો કિશન તથા વિજય તથા કિશનની પત્નિ તે રીતના ચાર જણા આ હેતુજીની રીક્ષા ભાડે કરીને વિજાપુર ગયેલા. એ વાત ખરી છે કે, અમે રીક્ષામાં વિજાપુરથી ઘરે પરત આવી ગયેલા.
(૧૫) એ વાત ખરી છે કે, આંક-૯ વાળુ નિવેદન મારા સગાવાહલાઓએ મને જે રીતે શીખવાડેલ અને જે રીતે લખાવનું કહેલ તે રીતે મે લખાવેલું. એ વાત ખરી છે કે, પોલીસમાં નિવેદન પણ મારા સગાવાહલાઓએ જે રીતે લખાવવાનું શીખવાડેલું તે રીતે મે લખાવેલુ. એ વાત ખરી છે કે, પોલીસ રૂબરૂના નિવેદનમાં જે વિગતો લખેલી છે તેવો કોઈ બનાવ મારી સાથે બનેલ નથી. એ વાત ખરી છે કે, આંક-૯ વાળા નિવેદનમાં જે બનાવ બનેલાનું લખાવેલુ છે તેવો કોઈ બનાવ મારી સાથે બનેલો નથી.
(૧૬) એ વાત ખરી છે કે, શારીરીક તપાસણી માટે મને ડોકટર પાસે લઈ ગયા ત્યારે ડોકટરે માત્ર મારૂ નામ પુછેલું. મે ડોકટરને કોઈ વિગત લખાવેલી નથી. એ વાત ખરી છે કે, હું શાકભાજીનો વેપાર કરૂ છું. એ વાત ખરી છે કે, આરોપી મારે ત્યા શાકભાજી લેવા માટે આવતો હતો તે રીતે ઓળખુ છું તે સીવાય બીજી કોઈ રીતે હું તેને ઓળખતી નથી."

આમ, **ઉલટતપાસમાં હાલના આરોપી ભોગબનનારને પોતાની સાથે લઈ ગયેલા હોય તે રીતની વિગતને સમર્થન મળે તેવી કોઈ વિગત રેકર્ડ ઉપર આવેલ નથી પરંતુ આંક-૯ વાળું બી. એન. એસ.એસ. ની ક.૧૮૩ મુજબનું નિવેદન ભોગબનનારને જે મુજબ શીખવાડવામાં આવેલ હતું તે મુજબ ભોગબનનારે લખાવેલું છે તેમજ ડોક્ટર પાસે આ ભોગબનનારે કોઈ વિગત લખાવેલી નથી. આમ, જજ સાહેબ પાસે જે નિવેદન લખવામાં આવેલું તે ભોગબનનારે સ્વતંત્ર રીતે લખાવેલું નથી અને ડોક્ટર સમક્ષ આ ભોગબનનારે કોઈ હિસ્ટ્રી લખાવેલી નથી. આ સિવાય આ ભોગબનનારે પોલીસને કોઈ ગુના બનાવવાળી જગ્યા પણ બતાવેલી નથી. આવા સંજોગોમાં જુબાનીની આ તમામ બાબતો ધ્યાને લેતા આ ભોગબનનાર હાલના આરોપી ભોગબનનારને લઈ ગયેલા હોય અને સગીર ભોગબનનારની સાથે બળજબરી કરી મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તે રીતની વિગતને સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી અને તેથી આ ભોગબનનાર ફરીયાદપક્ષને મદદરૂપ થતા નથી તેમ માનું છું.**

(૧૨) આ કામે ફરીયાદી દંતાણી ઈશ્વરભાઈ બબાભાઈનાઓને આંક-૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક-૧૨ થી અસલ ફરીયાદ, આંક-૧૩ થી ભોગબનનાર નો વયપત્રકનો ઉતારો તથા આંક-૧૪ થી આધારકાર્ડની નકલ રજૂ થયેલી છે. સદરહુ ફરીયાદી ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ.સરકારી વકીલશ્રીને ઉલટતપાસમાં પૂછી શકાય તે રીતના પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતની કોઈ વિગત આ ફરીયાદીએ જણાવેલી નથી.

આવા સંજોગોમાં સદરહુ ફરીયાદીની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો તેઓની ભોગબનનાર દીકરીને કોઈ ઠાકોરનો છોકરો લઈ ગયેલો તેવી વિગત તેઓને જણાવા મળેલી પરંતુ આ ફરીયાદીએ હાલના આરોપીને જોયેલા ન હોવાથી તેઓ

આરોપીને ઓળખી શકે તેમ નથી તે રીતે જણાવેલ છે અને આરોપી આ ફરીયાદી સામે હતા જેથી **આ ફરીયાદી આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવતા નથી તેવું તેઓની જુબાનીના આધારે સાબિત થાય છે તેમ માનું છું**. વધુમાં **આ ભોગબનનાર ક્યાં ગયા હતા તે મુદ્દા ઉપર આ ફરીયાદીએ એવું સ્પષ્ટ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે, આ બના–વની મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે, મારી ભોગબનનાર દીકરી રીસાઈને તેના માસીના ઘરે જતી રહેલી અને તે તે–ની માસીના ઘરેથી એકલી જાતે અમારા ઘરે પરત આવેલી." આમ, હાલના આરોપી ભોગબનનારને લઈ ગયેલ હોય તે રીતની વિગતને આ ફરીયાદી સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી અને તેથી આ ફરીયાદી ફરીયાદપક્ષને મદદરૂપ થતા નથી તેમ માનું છું**.

(૧૩) આ કામે સાહેદ દંતાણી કેશીબેન ઈશ્વરભાઈ બબાભાઈનાઓને આંક–૧૫ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ સાહેદ ભોગબનનારની માતા છે જેથી આ સાહેદને પોતાની ભોગબનનાર દીકરી વિરૂધ્ધ ખોટું બોલવા માટેનું કોઈ કારણ સ્વાભાવિક રીતે હોઈ શકે નહીં. સદરહુ સાહેદ ફરી ગયેલા જાહેર કરવામાં આવેલા છે અને વિ.સરકારી વકીલશ્રીને ઉલટતપાસમાં પૂછી શકાય તે રીતના પ્રશ્નો પૂછવાની પરવાનગી આપવા છતાં ફરીયાદપક્ષને મદદરૂપ થાય તે રીતની કોઈ વિગત વિ.સરકારી વકીલશ્રી દ્વારા રેકર્ડ ઉપર લાવવામાં આવેલી નથી. આવા સંજોગોમાં સદરહુ સાહેદની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો આ સાહેદ પોતાની ભોગબનનાર દીકરીને હાલના આરોપી લઈ ગયેલ હોય અને આરોપીએ ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલો હોય તે રીતની વિગતને અને સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી. વધુમાં આ સાહેદને બનાવ અંગે કોઈ જાત માહિતી નથી. વધુમાં **આ સાહેદે પોતાની ઉલટ તપાસમાં બીજી મહત્વની એવી હકીકત કબૂલ કરેલી છે કે, "એ વાત ખરી છે કે, બનાવની મને કોઈ જાત માહિતી નથી. એ વાત ખરી છે કે,**

**મારી ભોગ બનનાર દીકરી રિસાઈને તેની માસીના ઘરે જતી રહેલી અને તે તેની માસીના ઘરેથી એકલી જાતે અમારા ઘરે આવેલી." આમ, ભોગબનનાર જાતે પોતાની માસીના ઘરે રિસાઈને ગયેલા અને ત્યાંથી તે પરત જાતે એકલા ઘરે આવી ગયેલા છે. આવા સંજોગોમાં સદરહુ સાહેદ ભોગબનનારની માતા છે અને તેઓ હાલના આરોપી ભોગબનનારને લઈ ગયેલા હોય અને ભોગબનનારની સાથે બળજબરી કરી મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધેલો હોય તે રીતની વિગતને સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી તેથી આ સાહેદ ફરીયાદપક્ષને મદદરૂપ થતા નથી તેમ માનું છું**.

(૧૪) આ કામે ડો.કાજલ ભરતભાઈ ભાંડવાનાઓને આંક–૧૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૧૭ થી ભોગબનનારનું મેડિકલ સર્ટિફિકેટ, આંક–૧૮ થી અસલ કેસ પેપર્સ, આંક–૧૯ થી ફોર્મ ટુ.બી. અને આંક–૨૦ થી ટ્રાન્સફર ચીટ રજૂ થયેલી છે. સદરહુ ડોક્ટરની સમગ્ર જુબાનીની વિગત ધ્યાને લેવામાં આવે તો તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ સી.એચ.સી. કુકરવાડા, તા.વિજાપુર ખાતે મેડિકલ ઓફિસર તરીકે પોતાની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન વુમન પોલીસ કોન્સ્ટેબલ કિંજલબેન ઉદાજીનાઓ પોલીસ યાદી સાથે ભોગબનનારને મેડિકલ તપાસણી માટે લઈને આવેલા ત્યારે તેઓએ ભોગબનનારની સંમતિ મેળવેલી અને ભોગબનનારની હિસ્ટ્રી નોંધેલી અને તે માટે તેઓએ ભોગબનનારના અંગૂઠાનું નિશાન લીધેલું અને તે હિસ્ટ્રીની વિગત અનુસાર ભોગબનનારની સાથે હાલના આરોપીએ શરીર સંબંધ બાંધેલો હતો પરંતુ ઉલટતપાસમાં આ ડોક્ટરે એવી હકીકત કબુલ કરેલી છે કે, "**એ વાત ખરી છે કે, પોલીસ યાદીમાં બનાવની હકીકત લખેલી હતી. એ વાત ખરી છે કે, ભોગબનનારની સાથે તેના કાકી તથા તેના બીજા સગાવાલા સાથે હાજર હતા. એ વાત ખરી નથી કે, ભોગબનનારની હિસ્ટ્રી સગાવાલાના કહેવા મુજબ મેં લખી લીધેલી.**". આમ, આ

વિગતની સાથે આંક–૧૮ વાળા શારીરિક તપાસણીના કેસ પેપર્સની વિગત ધ્યાન લેવામાં આવે તો તેમાં ભોગબનનારનો અંગૂઠો લેવામાં આવેલો હોય કે તેના કોઈ સગાની સંમતિ લેવામાં આવેલી હોય તે રીતની કોઈ વિગત તેમાં લખેલી નથી. આ સિવાય આંક–૧૭ વાળા મેડિકલ સર્ટિફિકેટમાં જે હિસ્ટ્રી લખવામાં આવેલી છે તે હિસ્ટ્રી મેડિકલ પેપર્સમાં લખેલી હોવાનું જણાતું નથી.

આવા સંજોગોમાં ભોગબનનારના જણાવ્યા અનુસાર તેઓએ ડોક્ટરને કોઈ વિગત જણાવેલી નથી તે બાબત ધ્યાને લેતા આ કેસમાં ભોગબનનારે ડોક્ટર સમક્ષ હિસ્ટ્રી આપેલી હોય તે બાબતે શંકાના વર્તુળમાં આવી જાય છે. વધુમાં આ કામે સદરહુ ડોક્ટરે આરોપીની શારીરિક તપાસણી કરેલી છે અને આરોપીની હિસ્ટ્રી તેઓના લખાવ્યા મુજબ લખેલાનું જણાવેલું છે અને આંક–૨૧ થી મેડિકલ સર્ટિફિકેટ, આંક–૨૨ થી કેસ પેપર્સ અને આંક–૨૩ થી એફ.એસ.એલ. ફોર્મ રજૂ કરેલ છે. **આવા સંજોગોમાં આ ડોક્ટરની આ હકીકતની સામે ઉલટ તપાસની વિગત ધ્યાને લેવામાં આવે તો ઉલટ તપાસમાં આ ડોક્ટરે એવી હકીકત સ્પષ્ટ કબૂલ કરેલ છે કે, "એ વાત ખરી છે કે, આંક–૨૧ વાળા સર્ટિમાં આરોપીની હિસ્ટ્રી લેવામાં આવેલી હોય તેવી વિગત લખેલી નથી. એ વાત ખરી છે કે, આરોપીને જે ચાદી સાથે મારી સમક્ષ લાવવામાં આવેલો તેમાં બનાવની વિગત લખેલી હતી.".** આવા સંજોગોમાં આ વિગતને ધ્યાનમાં લેતા આરોપીએ ખરેખર આ ડોક્ટર સમક્ષ કોઈ હિસ્ટ્રી આપેલી છે કે કેમ? તે બાબત પણ શંકાના વર્તુળમાં આવી જાય છે તેવું મારૂ શુધ્ધબુધ્ધીપુર્વકનું માનવું છે.

(૧૫) આ કામે પંચ ડોનીકા પ્રવીણભાઈ પટેલનાઓને આંક–૨૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૨૫ થી આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામુ રજૂ થયેલ છે તેમજ આંક–૨૬ અને ૨૭ થી પંચ સ્લીપ રજૂ થયેલી છે તેવી જ રીતે આંક–૨૮ થી ભોગબનનારના કપડા કબજે કરેલાનું પંચનામુ રજૂ

થયેલું છે અને આંક–૨૯ અને ૩૦ થી પંચ સ્લીપ રજૂ થયેલી છે. આવા સંજોગોમાં સદરહુ પંચની સરતપાસ તેમજ ઉલટતપાસની વિગતો ધ્યાને લેવામાં આવે તો ભોગબનનાર તથા આરોપીએ કપડા રજૂ કરેલા છે અને તે પંચનામાની વિગતે કબજે લેવામાં આવેલા છે તે રીતની હકીકતને વ્યાજબી સમર્થન મળે છે. તે સંજોગોમાં આંક–૨૫ તથા આંક–૨૮ વાળું પંચનામુ તેની વિગતે સાબિત થાય છે તેમ માનું છું. વધુમાં **સદરહુ પંચે ગુના બનાવવાળી જગ્યાના પંચનામા સંદર્ભે એવી હકીકત સરતપાસમાં જણાવેલી છે કે, "તા.૧૧/૧૨/૨૦૨૫ ના રોજ હું તથા દિલીપકુમાર લક્ષ્મણજી ઠાકોર, સુપરવાઈઝર વસઈ, તા. વિ–જાપુર પોલીસ સ્ટેશનમાં સવારના ૧૦ વાગ્યે વસઈ પોલીસ સ્ટેશન ગયેલા. ત્યારે પોલીસે અમોને સમજ કરેલી કે ભોગબનનાર ગુના બનાવવાળી જગ્યા બતાવવા માંગે છે જેથી તે બાબતેનું પંચનામુ કરવાનું હોવાથી અમોએ પંચમાં રહેવા માટે સ્વખુશી દર્શાવેલી. ત્યાર–બાદ ત્યાં હાજર ભોગબનનારનું નામઠામ પૂછતા તેણીએ પોતે પોતાનું નામ ભોગબનનાર રહે.ડાભલા, તા.વિજાપુરવાળા હોવાનું જણાવેલ અને આગળ ચાલી ગુના બનાવવાળી જગ્યા બતાવતી હોય" તે રીતની વિગત લખેલી છે**. આ હકીકતની સામે આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરવામાં આવેલી છે અને તે ઉલટ તપાસમાં મહત્વની એવી હકીકત રેકોર્ડ ઉપર લાવવામાં આવેલી છે કે,

> "મે આંક–૩૧ વાળુ પંચનામું જે લખેલું હતુ તે વાંચેલું હતુ. એ વાત ખરી છે કે, આંક–૩૧વાળા પંચનામામાં પોલીસના બોલાવવાથી ભાભર મુકામે હાજર થયા તેવી વિગત તેમાં લખેલી છે. એ વાત ખરી છે કે, આંક–૩૧ વાળા પંચનામાંમાં ભોગબનનારે વસઈ પોલીસ સ્ટેશનમાં પોતે ગુન્હાબનનાવવાળી જગ્યા બતાવવા માંગે છે તે રીતે જણાવીને વસઇ પોલીસ સ્ટેશનમાંથી લઈ જઈ જગ્યા બતાવેલી હોય તેવી વિગત તેમાં લખેલી નથી."

આમ, **આ વિગતને ધ્યાને લેવામાં આવે તો આંક–૩૧ વાળા પંચનામાના પંચો સીધા ભાભર મુકામે હાજર થયેલા તે રીતની વિગત લખેલી છે. જેથી આંક–૩૧ વાળું પંચનામુ ગંભીરતાથી વંચાણે લેવું ખૂબ જ જરૂરી બને છે. આ આંક–૩૧ વાળું ગુનાબનાવવાળી જગ્યાનું**

**પંચનામું ધ્યાને લેવામાં આવે તો તેમાં પંચો મોજે.બેડા, તા.ભાભર, જી.બનાસકાંઠા ખાતે ઠાકોરવાસમાં આવેલ ઠાકોર દેવાજીના રહેણાંકના ઘરના આંગણામાં આવીને હાજર થયેલા હતા. આમ, પંચની સોગંદ ઉપરની જુબાની અને આંક–૩૧ વાળા પંચનામામાં લખેલી વિગતો જોતા પંચો પ્રથમ પોલીસ સ્ટેશન ગયા કે સીધા ગુના બનાવવાળી જગ્યાએ ગયા તે બાબતે પરસ્પર વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે અને તે સંજોગોમાં આંક–૩૧ વાળું ગુનાબનાવવાળી જગ્યાનું પંચનામું વાસ્તવિક સ્થળે પંચોને લઈ જઈને કરવામાં આવેલ હોય અને ભોગબનનારે તે જગ્યા બતાવેલી હોય તે બાબત શંકા ઉપસ્થિત કરે છે**. વધુમાં, આ હકીકતની સાથે ભોગબનનારે પોતે ગુના બનાવવાળી જગ્યા બતાવેલી નથી તેવું અદાલતમાં સ્પષ્ટ જણાવે છે. જેથી આંક–૩૧ વાળું ગુનાબનાવવાળી જગ્યાનું પંચનામું તેની વિગતે શંકારહિત સાબિત થતું નથી તેમ માનું છું.

(૧૬) આ કામે ડો.મનન દીપકભાઈ પરીખનાઓને આંક–૩૨ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે અને તેઓની જુબાનીમાં આંક–૩૪ થી રીફર ચીટ, આંક–૩૫ થી કેસ પેપર્સ, આંક–૩૬ થી ફોર્મ ટુ.–બી., આંક–૩૩ થી મેડિકલ સર્ટિફિકેટ રજુ થયેલ છે. સદરહુ ડોક્ટરની સરતપાસ તેમજ ઉલટતપાસની હકીકતોનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો તા.૨૮/૧૧/૨૦૨૫ ના રોજ વડનગર જી.એમ.ઈ.આર. હોસ્પિટલ ખાતે ગાયનેક તરીકે હાજર હતા તે દરમ્યાન પોલીસ કોન્સ્ટેબલ કિંજલબેન ઉદાજીનાઓ વસઈ પોલીસ સ્ટેશન યાદી સાથે સી.એચ.સી. કુકરવાડા રીફર ચીટ સાથે ભોગબનનારને ગાયનેક તપાસણી માટે લાવેલા અને ત્યાં તેઓએ ભોગબનનારની સંમતિ લીધેલી અને ત્યારબાદ ભોગબનનારની હિસ્ટ્રી તેના લખાવ્યા મુજબ લીધેલી અને તે મુજબ આરોપીએ ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલો છે તે રીતની વિગત આ ડોક્ટરને માલુમ પડેલી પરંતુ ઉલટતપાસમાં રેકોર્ડ ઉપર લાવવામાં આવેલી વિગતો અનુસાર પોલીસ

યાદીમાં બનાવની હકીકત લખેલી હતી અને ભોગબનનારની સાથે તેના કાકી ભારતીબેન પણ હાજર હતા. આવા સંજોગોમાં ભોગબનનાર પોતે એવું જણાવતા હોય કે તેઓએ આ ડોક્ટરને હિસ્ટ્રી આપેલી નથી તો તે સંજોગોમાં ડોક્ટરની જુબાની અને ભોગબનનારની જુબાનીમાં હિસ્ટ્રીના મુદ્ધા ઉપર વિરોધાભાસ રેકર્ડ ઉપર આવે છે તેથી આ ડોક્ટર સમક્ષની હિસ્ટ્રી પણ શંકાના વર્તુળમાં આવી જાય છે તેમ માનું છું. આ સિવાય ભોગબનનારની સાથે શરીર સંબંધ બંધાયેલ હોય તે રીતની શક્યતા નકારી શકાય નહીં તેઓ અભિપ્રાય ડોક્ટરે આપેલ છે પરંતુ આ ડોક્ટરની ઉપરોક્ત જુબાનીની ચર્ચાની વિગત અને મૂલ્યાંકનની બાબતો ધ્યાને લેતા હાલના આરોપીએ ભોગબનનારની સાથે શરીર સંબંધ બાંધેલો છે તે રીતની વિગત માની શકાય નહીં તેમ માનું છું.

(૧૭) આ કામે સાહેદ જાગૃતિબેન બાબુભાઈ ચૌધરીનાઓને આંક–૩૭ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ સાહેદની જુબાની દરમ્યાન આંક–૩૮ થી શાળાના જનરલ રજીસ્ટરની ખરી નકલ રજૂ થયેલ છે તેમજ આંક–૩૯ થી ભોગબનનારના જન્મનો દાખલો શાળાના લેટરપેડ ઉપર આપવામાં આવેલો તે રજૂ થયેલ છે તેમજ આંક–૪૦ થી પંચાયતના લેટરપેડ ઉપર ઉંમર બાબતે આપવામાં આવેલો દાખલો રજૂ થયેલ છે. સદરહુ સાહેદની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો ભોગબનનારને ધોરણ–૧ માં તા.૨૭/૦૬/૨૦૧૩ ના રોજ વાલી ફોર્મના આધારે પ્રવેશ આપવામાં આવેલો અને તેમા ભોગબનનારની જન્મ તા.૦૧/૦૬/૨૦૦૮ ની લખવામાં આવેલી છે. વધુમાં આ જન્મ તારીખ આંક–૪૦ વાળા સરપંચે આપેલ દાખલાના આધારે લખવામાં આવેલી છે. તે સિવાય **બીજી મહત્વની એવી હકીકત આ સાહેદે સ્પષ્ટ કબૂલ કરેલી છે કે, "એ વાત ખરી છે કે, અમારા શાળાના રજીસ્ટરમાં ભોગબનનારની જે જન્મ તારીખ લખવામાં આવેલી છે તે આશરે લખવામાં આવેલી છે." આમ, શાળાના રજીસ્ટરમાં ભોગબનનારની જે જન્મ તા.૦૧/૦૬/૨૦૦૮ ની**

**લખવામાં આવેલી છે તે આશરે લખવામાં આવેલી છે જેથી ભોગબનનારની ઉંમર આ જન્મ તારીખ કરતા વધારે પણ હોઈ શકે છે અને ભોગબનનારની ઉંમર આ જન્મ તારીખ કરતા ઓછી પણ હોઈ શકે છે. જેથી ભોગ બનનાર ખરેખર સગીર વયના છે કે કેમ? તે બાબતે આ સાહેદની જુબાનીના આધારે શંકા ઉપસ્થિત થાય છે તેવું મારું શુદ્ધબુદ્ધિપૂર્વકનું માનવું છે.**

(૧૮) આ કામે ત.ક.અ. તેજસકુમાર જયરામભાઈ દેસાઈનાઓને આંક–૪૪ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહુ તપાસ કરનાર અમલદારની સમગ્ર જુબાનીનું ગંભીરતાથી મૂલ્યાંકન કરવામાં આવે તો તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ વસઈ પોલીસ સ્ટેશનમાં પી.આઈ. તરીકે ફરજ ઉપર હતા તે સમયે ફરીયાદીએ પોલીસ સ્ટેશન આવી રૂબરૂ ફરીયાદ હકીકત જાહેર કરતા ફરીયાદીના લખાવ્યા મુજબ ફરીયાદ લખી લેવામાં આવેલી અને ત્યારબાદ ગુનો રજીસ્ટર થઈ ગુનાની તપાસ તેઓ તરફ આવતા તેઓએ ગુનાની તપાસ સંભાળી લીધેલી અને તપાસ દરમ્યાન જરૂરી પંચનામા કરેલા, લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા, ભોગબનનારની શારીરિક તપાસણી કરાવડાવેલી, આરોપીની શારીરિક તપાસણી કરાવડાવેલી અને તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ગુનાનું ચાર્જશીટ કરેલું. તે સિવાય વિશેષ કોઈ વિગત તેઓની જુબાનીમાં રેકર્ડ ઉપર આવતી નથી.

(૧૯) આવા સંજોગોમાં ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ગંભીરતાથી એકીસાથે વંચાણે લેવામાં આવે તો આ બનાવમાં માત્ર ભોગબનનાર એવી વ્યક્તિ છે કે જે પોતે કહી શકે કે તેને કોણ લઈ ગયેલ હતું. આ કેસમાં ભોગબનનાર પોતે સોગંદ ઉપરની જુબાનીમાં હાલના આરોપી તેઓને લઈ ગયેલા નથી અને આરોપીએ ભોગબનનારની સાથે કોઈ શરીર સંબંધ બાંધેલો નથી. આવા સંજોગોમાં હાલના આરોપીએ ભોગબનનારને કાયદેસરના વાલીપણામાંથી લઈ જઈ ભોગબનનારને

ગોંધી રાખી ભોગબનનારની સાથે બળજબરીથી શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તે રીતની વિગતને તે સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી. આ સિવાય ભોગબનનારના માતા અને ભોગબનનારના પિતા કે જેઓ ફરીયાદી છે તેઓ બંનેવ પણ ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ વિગત જણાવતા નથી. તે સિવાય ડોક્ટર સમક્ષની હિસ્ટ્રી શંકાના વર્તુળમાં આવી જાય છે તેમજ બી.એન.એસ.એસ. ની ક.૧૮૩ મુજબનું નિવેદન ભોગબનનારના જણાવ્યા અનુસાર સગા વહાલાઓએ શીખવાડેલ તે મુજબ લખાવેલું છે તેમજ ગુના બનાવવાળી જગ્યાના પંચનામામાં કેટલાક મુદ્દા ઉપર શંકા ઉપસ્થિત થાય છે. જેથી આ તમામ બાબતો ધ્યાને લેતા હાલના આરોપી ભોગબનનારને તેના કાયદેસરના વાલીપણામાંથી ગેરકાયદેસર રીતે લઈ જઈ અને ભોગબનનારને ગોંધી રાખી ભોગબનનારની સાથે તેની સંમતિ વિરૂધ્ધ બળજબરી કરી બળાત્કાર કરી શરીર સંબંધ બાંધેલો હોય તે રીતની વિગતને સીધું કે સાંયોગિક સમર્થન મળતું ન હોવાથી તે હકીકત સાબિત થતી નથી તેમ માનું છું.

આવા સંજોગોમાં ફરીયાદપક્ષ રજૂ કરેલા પુરાવાના આધારે એ હકીકત સાબિત કરી શકતો નથી કે, બનાવ સમયે હાલના આરોપીએ સગીર ભોગબનનારને તેના કાયદેસરના વાલીની પરવાનગી સિવાય, કાયદેસરના વાલીની કસ્ટડીમાંથી, ગેરકાયદેસર રીતે પોતાની સાથે સગીરને લઈ જઈ, સગીરને પોતાની સાથે રાખી, સગીરની સાથે તેની મરજી વિરૂધ્ધ બળજબરી કરી, શરીર સંબંધ બાંધી, બળાત્કાર કરી, જાતીય સતામણી કરી ગુનો કરેલો છે, જેથી મુદ્દા નં.૧ નો જવાબ "નકારમાં" આપું છું.

**<u>મુદ્દા નં.૨:–</u>**

(૨૦) આ કેસમાં ભોગબનનાર ફરી ગયેલા જાહેર થયેલા છે અને તેઓ ફરીયાદપક્ષના કેસને સીધું કે સાંયોગિક સમર્થન આપતા નથી. વધુમાં આરોપી ભોગબનનારને લઈ ગયેલા હોય અને આરોપીએ

બળજબરી કરી, શરીર સંબંધ બાંધી બળાત્કાર કરેલ હોય તે રીતની વિગતને ભોગબનનારે સીધું કે સાંયોગિક સમર્થન આપેલા નથી. ભોગબનનારના માતા અને પિતાએ બનાવની વિગતને સીધું કે સાંયોગિક સમર્થન આપેલ નથી. વધુમાં આ કેસમાં ગુના બનાવવાળી જગ્યાના પંચનામાની કાર્યવાહી શંકાના વર્તુળમાં આવી જાય છે તેવું સાબિત થયેલાનું અદાલતે માનેલ છે. આ સિવાય ભોગબનનારની જન્મ તારીખ આશરે શાળાના રજીસ્ટરે લખવામાં આવેલી છે તે બાબત પણ પુરાવામાં સાબિત થયેલી છે. જેથી આ તમામ બાબતો ધ્યાને લેતા ફરીયાદપક્ષ રજૂ કરેલા પુરાવાના આધારે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ તહોમતનામાંની વિગતે શંકારહિત સાબિત કરવામાં નિષ્ફળ નિવડેલ છે જેથી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં તેમ માની નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-// હુકમ //-**

આથી બી.એન.એસ.એસ. ની ક.૨૫૮(૧) મુજબ આરોપી હિતુજી ઉર્ફે રાણાજી સોમાજી ઠાકોરનાઓને તેઓની સામેના બી.એન.એસ. ની ક.૧૩૭(૨), ૮૭, ૬૪(૧) તથા પોક્સો એક્ટની ક.૪, ૫, ૬, ૮, ૧૨ મુજબના ગુનાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપી જ્યુડીશ્યલ કસ્ટડીમાં હોઈ આરોપીને તાત્કાલિક અસરથી જેલમુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં, બી.એન.એસ.એસ.ની ક.૪૮૧ મુજબ આરોપીએ રૂા.૫,૦૦૦/- (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા, ૬ માસની મુદત માટેના અત્રેની અદાલતમાં જેલમુક્ત થયાના દિન-૭ માં આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

અપીલ સમય વિત્યે મુદ્દામાલ વાહનની વચગાળાની કસ્ટડીના હુકમને કાયમ કરવામા આવે છે.

અપીલ સમય વીત્યે વાહન સિવાયના બાકીના મુદ્દામાલનો

નાશ કરવો.

આરોપીને જેલ મુક્ત કરવા તાત્કાલિક ચાદી જેલરને કરવી.

આ હુકમ આજરોજ તા.૧૨ મી, માહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૧૨/૦૩/૨૦૨૬

સ્થળ: મહેસાણા

(એમ.એફ. ખત્રી)
બીજા એડીશ્નલ સેશન્સ જજ તથા
સ્પે. જજ (પોકસો)
મહેસાણા
જીજે૦૦૬૯૧